# ભારતની વિશ્વને અજોડ ભેટ એટલે સંસ્કૃત

આજથી પાંચ હજાર વર્ષ કે તેના પહેલાં સંસ્કૃત ભાષાની રચના થઈ હશે ત્યારે પ્રિન્ટિંગ પ્રેસ કે કાગળની શોધ પણ નહોતી થઈ એ સમયે ઝાડની છાલ કે પથ્થરો પર લખીને સાહિત્ય સાચવી રાખવાની પ્રથા હતી. આમ છતાં આપણા પૂર્વજોએ, ઋષિમુનિઓએ એ ભાષાને સુદઢ બનાવવાનો જે પ્રયત્ન કર્યો છે તે નમસ્કારને પાત્ર છે. એ સમયે પાણિનિ અને અમરસિંહ દ્વારા વ્યાકરણ અને શબ્દભંડોળ ઊભાં કરવા જે સૂત્રોની રચના કરાઈ છે, જે આજે પણ એટલાં જ પ્રસ્તુત છે. સંસ્કૃત પરથી ઊતરી આવેલી ગુજરાતી, હિન્દી, મરાઠી કે દક્ષિણ ભારતની અમુક ભાષાઓનું મૂળ સંસ્કૃત છે, એટલું જ નહીં, પરંતુ વિશ્વની પ્રાચીન ભાષા લૅટિનનું મૂળ પણ સંસ્કૃતમાં દેખાય છે. આજની યુવા પેઢીને જો સંસ્કૃત તરફ વાળવી હશે તો તેને ગમતું પૅકિંગ કરવું પડશે અને તે પૅકિંગની અંદર સંસ્કૃત જેવી ઉત્કૃષ્ટ ભાષા તો છે જ. આપણે કાયમ કહીએ છીએ કે સંસ્કૃત મહાન ભાષા છે, અંગ્રેજી કંગાળ છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે સંસ્કૃત શીખવા માટે પણ સારું અંગ્રેજી આવડવું જરૂરી છે.

જ્યારે આજની પેઢીને આપણે એમ કહીશું કે સંસ્કૃત એ મહાન ભાષા છે, પરંતુ કઈ રીતે મહાન છે? તેનો તેમને તર્ક સાથે જવાબ આપવો પડશે. ખાલી બોલ્યા કરીશું કે સંસ્કૃત મહાન છે - મહાન છે, પણ તેઓ કહેશે કે શું મહાન છે? એ સાબિત કરો. આપણે ખાલી અંગ્રેજી ભાષાને વખોડ્યા કરીશું તે નહીં ચાલે. તેમને સાબિત કરી આપવું પડશે કે સંસ્કૃત કઈ રીતે મહાન છે. આ પુસ્તકનો મુખ્ય હેતુ એ છે કે આજની યુવા પેઢીને આપણે સંસ્કૃતની ભવ્યતાનું દર્શન કરાવવું છે. સંસ્કૃત એ મારા અભ્યાસનો વિષય નથી. વ્યવસાયે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ છું, પરંતુ સંસ્કૃત એ મારા શોખનો વિષય છે. જેમ ચાર-પાંચ વર્ષનું બાળક તેની માનું વર્ણન કરે એમ આટલી પ્રાચીન સંસ્કૃત ભાષાની મહાનતા સાબિત કરવાનો મારો નાનકડો પ્રયાસ છે. ભાષાઓમાં સંસ્કૃત ભાષાની એટલી મહાનતા છે કે જેમ હિમાલયની તળેટીમાં ઊભેલો માણસ હિમાલયના ઉત્તુંગ શિખરનું વર્ણન કરે તેવી મારી સ્થિતિ છે.

જે સમાજની રહેણીકરણી ઉત્કૃષ્ટ હોય છે તે સમાજને આપણે સંસ્કૃત સમાજ કહીએ છીએ. આવો સમાજ જે ભાષા બોલતો હતો એ ભાષાને સંસ્કૃત કહેવામાં આવી છે. સામાન્ય રીતે કોઈ પણ ભાષા તેના ભૌગોલિક વિસ્તાર પર આધારિત હોય છે, જેમ કે જર્મનીની જર્મન, ફ્રાન્સની ફ્રેન્ચ, ડચની ડેનિશ, પોલૅન્ડની પોલિશ, ઇટલીની ઇટાલિયન એમ જ આપણે ત્યાં ગુજરાતની ગુજરાતી, પંજાબની પંજાબી, તામિલનાડુની તમિલ. જ્યારે સંસ્કૃત એ કોઈ વિસ્તાર આધારિત ભાષા નથી, પરંતુ શ્રેષ્ઠ જીવન જીવતા લોકોની જે ભાષા હતી તેને સંસ્કૃત

કહેતા હતા. હજારો વર્ષ પહેલાં પાણિનિએ સંસ્કૃત વ્યાકરણ આપ્યું તે એટલું પરફેક્ટ આપ્યું છે કે જાણીતા ભાષાવિદ લિયોનાર્ડ બ્લુમ્ફીલ્ડે તેમના ખૂબ જ જાણીતા પુસ્તક 'ધ લેન્ગવેજ' પુસ્તકમાં પાણિનિના સંસ્કૃત વ્યાકરણને 'One of the greatest monuments of human intelligence' તરીકે ઓળખાવ્યું છે.

સંસ્કૃતની વાતમાં ઇતિહાસ એટલે લાવવો પડ્યો કે સંસ્કૃત ભાષા પોતે પણ આજે ઇતિહાસ થવા જઈ રહી છે. એટલે જ તેની પાછળનાં જવાબદાર કારણોનો ઇતિહાસ જાણવો જરૂરી થઈ પડે છે. કારણ ખબર હશે તો એ કારણોને દૂર કરવાનો પ્રયાસ થશે.

સંસ્કૃતની દરેક વાતો વૈજ્ઞાનિક સિદ્ધાંતો પર આધારિત હતી. તોડ-જોડનાં ગતકડાં નહોતાં. કોઈ પાસેથી ઉછીના લીધેલા શબ્દો નહોતા. તેનું પોતાનું શબ્દભંડોળ અપાર હતું, ભવ્ય હતું. ખૂબ જ સૂક્ષ્મસ્તર (માઇક્રોલેવલ) પર શબ્દોની ઉત્પત્તિ અને રચના થયેલી હતી.

૨૦૦ વર્ષની ગુલામી પછી આપણે બાહ્ય રીતે તો આઝાદ થઈ ગયા છીએ, પણ માનસિક ગુલામી તો હજુ પણ એમ જ અકબંધ છે. તેનો અહેસાસ પણ નથી અને અફસોસ પણ નથી. આનાથી મોટી વિડંબના બીજી શું હોય? પરંતુ તેમાં વાંક ફક્ત આજની યુવા પેઢીનો નથી. તેની બુદ્ધિને હલાવે, તેની બુદ્ધિમાં ઊતરે એમ આપણે રાંધતા જ નથી - પીરસતા જ નથી એટલે તે જમતી જ નથી.

આપણું સાહિત્ય કે આપણા સાહિત્યકારો કેટલા શ્રીમંત હતા એ તો આપણે આગળનાં પ્રકરણોમાં સંસ્કૃતની કાબુલી દ્રાક્ષ જેવા એક એક શ્લોક જાણીશું ને માણીશું ત્યારે જ આપણને ખબર પડશે કે આપણે ક્યાં હતા ને ક્યાં આવી ગયા! અંગ્રેજોએ વિશ્વ પર રાજ કર્યું આથી અહંકારમાં તેઓએ બીજાની ઉપર પોતાની સંસ્કૃતિ ઠોકી બેસાડવાનો પ્રયત્ન કર્યો. બીજાની સારી વાત ઉપાડવાનો પ્રયત્ન ન કર્યો, જેના પરિણામે ભારત જેવા દેશમાં ભવ્ય સંસ્કૃત વારસો હતો તે તેમણે ઉપાડ્યો નહીં, પરંતુ તેને અવગણ્યો. તેની ભવ્યતાને વિકસાવવાને બદલે તેને નષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે.

આમ છતાં આપણા જેવું વૈવિધ્યસભર સાહિત્ય એ લોકો અંગ્રેજીમાં નથી પીરસી શક્યા. અંગ્રેજીમાં ઉત્તમ સાહિત્ય નથી એમ નથી કહેવાનું. શેક્સપિયર, રસેલ, બર્નાર્ડ શૉ, વર્ડ્ઝવર્થ વગેરે ઉત્કૃષ્ટ સાહિત્યકારો થઈ ગયા છે, પરંતુ સંસ્કૃતે વિશ્વને જે આપ્યું છે તેવું ઉત્કૃષ્ટ સાહિત્ય વિશ્વની અન્ય કોઈ ભાષા નથી આપી શકી.

હમણાં જ થોડા સમય પહેલાં 7 ડિસેમ્બર 2019માં, લિથુઆનિયાએ બાલ્ટિક દેશોને ભારતની નજીક લાવવા માટે હિન્દીમાં લિથુઆનિયાનો ઇતિહાસ પ્રકાશિત કર્યો છે. ઇન્ડિયન કાઉન્સિલ ફૉર કલ્ચરલ રિલેશન્સ (ICCR)ના સહયોગથી તેના દૂતાવાસ દ્વારા બહાર પાડવામાં આવેલા આ પુસ્તક એક કાર્યક્રમમાં લૉન્ચ કરવામાં આવ્યું હતું. લિથુઆનિયાના વિદેશસચિવ, લેમોનાસ તલત-કેલ્પસા, જેઓ ખાસ કરીને વિલ્નિયસથી આ કાર્યક્રમ માટે આવ્યા હતા. આ સાથે તેમણે લિથુનિયન-લૅટિન ભાષામાં સામ્યતા ધરાવતા હજારો શબ્દોની એક ડિક્શનરી ભેટ ધરી. લિથુનિયન-લૅટિન ભાષામાં સંસ્કૃત જેવા જ ઘણા બધા શબ્દો છે. દાખલા તરીકે સપના અને દૃષ્ટિકોણ માટે 'Sapnas' 'સપના'; અથવા આગ-અગ્નિ માટે 'Ugnis' આવા અનેક સામ્યતા

ધરાવતા શબ્દો તેમાં રજૂ કર્યા છે (પ્રકરણને અંતે થોડા શબ્દોની યાદી રજૂ કરી છે). વાઇસ પ્રેસિડન્ટ શ્રી વેંકૈયા નાયડુને આ ખાસ પ્રકાશિત સંસ્કૃત-લિથુનિયન શબ્દકોશ પણ એ સમયે રજૂ કર્યો હતો.

યુરોપની પ્રાચીન ભાષાઓમાં લિથેનિયમ-લૅટિન ભાષાની આગવી ગણના થાય છે. એક અભ્યાસ મુજબ ગ્રીક, રોમન અને અંગ્રેજી પણ લિથેનિયમ ભાષા પરથી ઊતરી આવી છે એમ કહેવાય છે, જ્યારે આ લૅટિન ભાષા સંસ્કૃત પરથી ઊતરી આવી હોય એવું લાગે છે. તેના ઘણા બધા શબ્દોની સામ્યતા પરથી એ સાબિત થાય છે. એક પ્રશ્ન એ પણ ઉદ્ભવે કે આ ભાષા યુરોપ પહોંચી કેવી રીતે હશે? તેની પાછળ પણ અભ્યાસ કરતાં એવું લાગે કે ભારતીય સંસ્કૃતિએ આધ્યાત્મિક ઊંચાઈ અને સાથોસાથ ભૌતિક સમૃદ્ધિની ઊંચાઈ પણ એટલી જ સિદ્ધ કરેલી. આથી ભારતીય લોકો સમૃદ્ધ અને વેદ-ઈશ્વરમાં શ્રદ્ધા રાખનારો વર્ગ હતો, પરંતુ જે રીતે દરેક સમાજમાં, રાષ્ટ્રમાં અમુક વર્ગ તો એવો હોય જ કે જેને સમૃદ્ધિ જ વધારે પસંદ હોય છે. તેને પાપ-પુણ્ય, ઈશ્વર વગેરે વાતોમાં કોઈ રસ ન હોય. આવો જ એક વર્ગ ભારતમાં પણ હતો કે જેનો પ્રણેતા ચાર્વાક હતો. તેની વિચારધારા એવી હતી કે જીવન મળ્યું છે તો જલસા જ કરી લો, આવતીકાલ કોણે જોઈ છે? તે પુનર્જન્મ જેવી થિયરીમાં વિશ્વાસ નહોતો ધરાવતો

यावत जीवेत सुखं जीवेत, ऋणं कृत्वा घृतं पिबेत
भस्मी भूतस्य देहस्य, पुनरागमन कुतः ।

*જ્યાં સુધી જીવો છો ત્યાં સુધી સુખેથી જીવો*
*દેવું કરીને પણ ઘી પીવો.*

આવી વિચારધારા ધરાવનારને એમ કહેતા કે ચાર્વાક વિચારધારાને અનુસરે છે. આવી વ્યક્તિઓને સમાજ કે ગામમાં માનની દૃષ્ટિએ લોકો ન જોતા. આ લોકો ખૂબ બુદ્ધિશાળી હતા તેમજ ભૌતિક સુખોના ખૂબ જ ચાહક હતા. પરિણામે સમૃદ્ધિ અને સૌંદર્યના પણ ચાહક રહ્યા. ભારતમાં જેઓ વેદ અને ઈશ્વરને માન્ય ન રાખે તેમને લોકોમાં ખાસ માન-સમ્માન ન મળતું. એક પ્રબળ વિચારધારા એવી પણ ચર્ચામાં છે કે એ મુજબ ધીમે ધીમે આ લોકો યુરોપ તરફ જવા લાગ્યા, જ્યાં ફક્ત સમૃદ્ધિ અને સૌંદર્યનો જ વિચાર કરવાનો હતો. આર્યો યુરોપથી આવ્યા અને આપણને શીખવ્યું એ વિચારધારા આપણને અંગ્રેજોએ ભણાવી અને આપણે તેમણે ભણાવેલું બધું સાચું માની લીધું. બીજી વિચારધારા મુજબ ઊલટું થયેલું દેખાય છે. ધીમે ધીમે આ ચાર્વાક વિચારધારાના લોકો યુરોપમાં આપણી સંસ્કૃતિ, ભાષા, વિજ્ઞાન, ગણિત, કલા બધું જ સાથે લઈ ગયા. આજે પણ જે લોકો વર્ષો સુધી અમેરિકા રહે છે તેઓની સ્કિન એકદમ ફૅર લાગે છે - ગોરા લાગે છે, કારણ કે ત્યાં તેમને સૂર્યપ્રકાશમાં ઓછું રહેવાનું હોય છે. આ જ રીતે ભારતથી ગયેલા લોકોની પણ સમય જતાં ત્વચા ત્યાંના વાતાવરણ મુજબ થઈ ગઈ. આપણે પાયથાગોરસના પ્રમેય કે ન્યુટનની મૂળ હસ્તપ્રત - ઓરિજિનલ લેખો વાંચ્યા નથી તેમ જ મૂળ હસ્તપ્રત - ઓરિજનલ કઈ ભાષામાં હતા તે પણ ખબર નથી. શક્ય છે કે લૅટિન, ગ્રીક કે રોમનમાં પણ હોઈ શકે! અને સંસ્કૃત ભાષાના કયા શબ્દો, સિદ્ધાંતો તેમણે ચોરી લીધા હશે કે અપનાવી લીધા હશે એ આપણને ક્યાં ખબર છે? ડૉ. એન. જી. ડોંગરેએ તેમના પુસ્તક 'Physics in Ancient

India' પ્રાચીન ભારતમાં ભૌતિકશાસ્ત્રમાં 1લી સદીમાં લખેલાં વૈશેષિક સૂત્રો - પરના પ્રશાસપદ ભાષ્યમાં ઉલ્લેખિત વેગ સંસ્કાર velocity rites અને ન્યુટન દ્વારા 1675માં શોધાયેલા ગતિના નિયમો - laws of motionની તુલના કરી હતી. વૈશેષિક તત્ત્વજ્ઞાનમાં, તેમણે ગતિ માટે કર્મ શબ્દનો ઉપયોગ કર્યો છે. તેના પાંચ પ્રકાર છે :

1. उत्क्षेपण (Upward motion)
2. अवक्षेपण (Downward motion)
3. आकुञ्चन (Motion due to the release of tensile stress)
4. **<u>प्रसारण (Shearing</u>** motion)
5. गमन (General Type of motion)

આ જ રીતે આપણે જેને પાયથાગોરસ પ્રમેય કહીએ છીએ તે જ બૌધાયન પ્રમેય તરીકે આપણે ત્યાં ઓળખાતું હતું. બૌધાયનનું શુલ્બસૂત્ર. શુલ્બસૂત્રમાં સૌથી જૂનું માનવામાં આવે છે. આ શુલ્બસૂત્રની રચનાનો સમય પૂર્વે 1200થી 800 માનવામાં આવે છે. બૌધાયનનું સૂત્ર નીચે મુજબ છે :

दीर्घ चतुरश्रस्याक्ष्ण्यारजुस्तिर्यन्मानीपाश्वर्मानीचयत
पृथग्भूतेकुरुस्तदुभयम्करोतीतिक्षेत्रज्ञानं ॥

दीर्घ चतुरश्र - લંબચોરસના વિકર્ણનું મૂલ્ય એ આધારના વર્ગ (બાજુનું મૂલ્ય) અને त्रिर्यङ्मानी - ત્રિકોણાકાર મૂલ્યના (લંબના) વર્ગનો સરવાળો છે. બૌધાયનના શુલ્બસૂત્ર આધુનિક સમયમાં 'પાયથાગોરસ' સૂત્ર તરીકે જાણીતું છે. પાયથાગોરસ ઈ. સ. પૂર્વે 535માં ઇજિપ્તની મુલાકાતે ગયા હતા. શક્ય છે કે પાયથાગોરસને ઇજિપ્તમાં શુલ્બસૂત્ર વિશે માહિતી મળી હોય!

આ વાતનું પ્રમાણ એટલે છે કે આપણે ત્યાં યજ્ઞો રામાયણ અને મહાભારતકાળથી થાય છે, જે પાયથાગોરસના સમય કરતાં ઘણાં વર્ષો અગાઉ અસ્તિત્વ ધરાવતા હતા. આ યજ્ઞવેદી જે તૈયાર થતી તે પણ ભૂમિતિ આધારિત હતી. આપણે ત્યાં જે સ્થાપત્યકલા છે તે મંદિરો આજે પણ અસ્તિત્વ ધરાવે છે, જે પણ ભૂમિતિ આધારિત છે. આવું જ આપણે ત્યાં ગણિત વિશે પણ છે. આપણે ૨૦૦ વર્ષની ગુલામી દરમિયાન અંગ્રેજોએ ભણાવેલો ઇતિહાસ જ ભણ્યા છીએ. કોઈ પણ શાસક ક્યારેય એવું કહે નહીં અને સ્વીકારે નહીં કે અમે ગુલામ દેશ પાસેથી શીખ્યા છીએ. આવું કહે તો નહીં, પણ તેઓ સતત એવુ જ સાબિત કરે કે ગુલામોને અમે શીખવાડ્યું. ઉપરાંત ૨૦૦ વર્ષ સુધી આપણને આર્થિક રીતે ચૂસી લીધા, આપણાં ગુરુકુળો, આપણી શિક્ષણપદ્ધતિ - આ બધાંનો નાશ કર્યો કે જેથી આવતાં ૨૦૦ વર્ષ સુધી આપણે ફરી ઊભા ન થઈ શકીએ. આઝાદી પછી પણ આપણે ત્યાં ઇંગ્લૅન્ડથી ભણીને આવેલા બુદ્ધિજીવીઓ સામ્યવાદી વિચારોથી રંગાઈને આવ્યા અને તેઓએ જે અભ્યાસક્રમ ઘડ્યો એ પણ ભારતીય સંસ્કૃતિ ખલાસ થાય તેવો જ ઘડ્યો અને તેવો જ આપણને ભણાવ્યો છે. હજુ પણ થોડું ઘણું ભણીએ જ છીએ. આ બધી વાતો આજે આપણને આશ્વાસન આપવા જેવી લાગે છે, પરંતુ હર્બટ

સ્પેન્સર એવું કહી ગયા કે કોઈ પણ રાષ્ટ્રનું ભવિષ્ય બગાડવું હોય તો તેમનો ઇતિહાસ બગાડી નાખો. આ પણ પાશ્ચાત્ય વિચારક જ હતો પરિણામે તેઓ આ વિચારધારાને જ અનુસરે. આ પુસ્તક માટે જ્યારે પાણિનિનું વ્યાકરણ જોયું કે અમરકોશ કે અન્ય અદ્ભુત સાહિત્યરચના જોઈ ત્યારે થયું કે આ ફક્ત કહેવા માટે આપણે મહાન હતા એમ નહીં, પણ ખરેખર આપણા પૂર્વજોની બુદ્ધિમત્તાની ટોચ કેટલી હશે એ ખબર પડે. જ્યારે એ સમયે તેઓ પાસે કાગળ કે કલમ પણ નહોતાં ત્યારે હજારો સૂત્રો અને લાખો શ્લોકોથી તેમણે ગણિત, વિજ્ઞાન, વાસ્તુશાસ્ત્ર, કલા, એન્જિનિયરિંગ, કાવ્ય, નાટક જેવા અદ્ભુત ગ્રંથો રચ્યા છે. આ પુસ્તકમાં તો તેમની એક ઝલક જ રજૂ કરવાનો નમ્ર પ્રયાસ છે.

'નાસા'ના વૈજ્ઞાનિક રિક બ્રિગ્સ અમેરિકન સામયિક AI–આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં લખે છે કે સંસ્કૃત ભાષા આપણી વચ્ચે હોય ત્યારે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની કૉમ્પ્યુટર લૅન્ગ્વેજ તરીકેની સચોટ ભાષાના સર્જન માટે મથામણો કરવી તે મિલેનિયમ પહેલાં એટલે કે વેદકાલીન ભારતમાં શોધાયેલા પૈડાની ફરી વખત શોધ કરવા બરાબર છે. એ જ રીતે જ્યારે ટૉકિંગ કૉમ્પ્યુટરની વાત આવી ત્યારે કઈ ભાષા યોગ્ય? જો અંગ્રેજીમાં I know (આઇ નો) હું જાણું છું એમ બોલો ત્યારે કૉમ્પ્યુટર એમ સમજે કે I no (આઇ નો) ઉચ્ચારણ 'નો' થાય ને સ્પેલિંગ Know પણ થાય ને No પણ થાય. એ જ રીતે Our અને hourનું ઉચ્ચારણ 'અવર' સરખું જ થાય. આથી ટૉકિંગ કૉમ્પ્યુટર મૂંઝાઈ જાય કે સાચો ઉચ્ચાર કયો? ખાસ કરીને આજે જ્યારે મોબાઇલ કે કૉમ્પ્યુટરમાં આપણે બોલીએ અને લખાઈ જાય એવી પદ્ધતિનો ઉપયોગ હવે ધીમે ધીમે રોજબરોજના વ્યવહારમાં વધતો જાય છે, ત્યારે આવતા ભવિષ્ય માટે આ વાત વિશેષ અસર કરે છે.

આથી જ સંસ્કૃત ભાષાની વર્ણમાળા એટલે કે કક્કો એ એકદમ વૈજ્ઞાનિક છે. કેટલા વિચાર પછી તેની રચના થઈ હશે એમ લાગે. સંસ્કૃતમાં ૪૮ મૂળાક્ષરો છે, જેમાં ૧૩ સ્વરો છે, ૩૩ વ્યંજનો છે એક અનુસ્વાર (અં) તથા એક વિસર્ગ (અ:). આ ૩૩ વ્યંજનોમાં પણ ૨૫ સ્પર્શ વ્યંજનો છે અને ૮ ઇષત્ - ઇષત્ એટલે જરીક અમસ્તું કહીએ તે, જે ચાર-ચારનાં બે અલગ અલગ જૂથોમાં વહેંચાયેલા છે. 'ખ' બોલવા માટે ગળાના ઊંડાણમાંથી બોલવો પડે છે, જ્યારે 'ય' બોલતી વખતે સ્પર્શનો ખાસ આધાર નથી લેવો પડતો. જ્યારે છેલ્લો 'હ' ઉચ્ચારતી વખતે ઉચ્છ્વાસ કાઢવો પડે છે. વિશ્વમાં સંસ્કૃત એક જ એવી ભાષા છે કે જેની વર્ણમાળા/alphabet એટલે કક્કો કે તેના મૂળાક્ષરો આડેધડ ગોઠવાયેલા નથી, પરંતુ ઉચ્ચારો મુજબ વૈજ્ઞાનિક રીતે વ્યવસ્થિત ક્રમબદ્ધ ગોઠવાયેલા છે. બીજાનું ચોરેલું કે ઉછીનું કે ઉધાર લીધેલી અંગ્રેજી ભાષાની જેમ ઉત્ક્રાંતિ પામેલું પણ નથી.

ખાસ વિશેષતા અથવા તો કલા કહો કે વિજ્ઞાન કહો તે તેના વ્યંજનોને લગતું છે, જે વિશ્વની એક પણ ભાષા પાસે નથી (ભારતમાં ઊતરી આવેલી અન્ય ભાષા, જેમ કે હિન્દી, ગુજરાતી કે મરાઠી વગેરે સિવાય).